# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **અંકિતા મકવાણા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી આજે જ ળશક્તિ મંત્રાલયના વિભાગીય શિખર સંમેલનના સમાપન સત્રને સંબોધિત કરશે.
2. નેપાળ પૂર હોનારતમાં અત્યાર સુધીમાં એક હજાર 114 મૃતદેહો મળ્યા - ભારતીય બચાવ દળ નેપાળ પહોંચ્યું.
3. પંજાબમાં પરાળ બાળવાની સમસ્યાના ઉકેલ માટે ઉચ્ચસ્તરીય બેઠક.
4. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ટોલપ્લાઝા પર વસૂલાતમાં કથિત છેતરપિંડીના સંદર્ભમાં ED નું 14 જગ્યાઓ પર સર્ચ ઓપરેશન.
5. ભારતીય શેરબજારનો ઘટાડા સાથે કારોબાર.
6. બેડમિન્ટનમાં ચાઇના અને ઓપન ટૂર્નામેન્ટમાં ભારતના કિદાંબી શ્રીકાંતે આજે બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-JAL-SHAKTI-DEPT-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જળ શક્તિ મંત્રાલયના વિભાગીય શિખર સમેલનના સમાપન સત્રને સંબોધિત કરશે. આ સંમેલન કેન્દ્ર અને રાજ્યોને એક મંચ પર  લાવી મુખ્ય પ્રાદેશિક પ્રાથમિકતાઓ પર ચર્ચા કરશે અને સમયબદ્ધ કાર્ય યોજનાઓ વિકસાવશે.

આ સંમેલન ચાર મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે: પાણીના માળખાગત પ્રોજેક્ટ્સનું સમયસર અમલીકરણ, જળ સંચય જન ભાગીદારી, પીવાના પાણીની ટકાઉ વ્યવસ્થા, અને જલ જીવન મિશન 2.0. આ પહેલનો હેતુ રાષ્ટ્રીય લક્ષ્યો માટે સહિયારી જવાબદારીને પ્રોત્સાહન આપવાનો અને ચર્ચાઓ -  શાસન અને સેવા વિતરણમાં નોંધપાત્ર સુધારા તરફ દોરી જાય તે સુનિશ્ચિત કરવાનો છે.

-------------------------

# SITHARAMAN- BILATERALS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ ગઈકાલે અમેરિકાના એશેવિલેમાં G20 નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નર્સની બેઠક દરમિયાન યુરોપિયન કમિશનર ફોર ઇકોનોમી વાલ્ડિસ ડોમ્બ્રોવસ્કિસને મળ્યા હતા. નાણા મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે કે , બંને પક્ષોએ ભારત- EU આર્થિક અને નાણાકીય ભાગીદારીને વધુ ગાઢ બનાવવા, ચર્ચા કરી હતી. શ્રીમતી સીતારમણ અને ડોમ્બ્રોવસ્કિસે તાજેતરની ભારત-EU મુક્ત વેપાર કરાર અને રોકાણ સુરક્ષા કરાર વાટાઘાટો પર પણ ચર્ચા કરી હતી. બંને પક્ષોએ મહત્વપૂર્ણ કાચા માલ અને ટેકનોલોજી પર સહયોગ સહિત વૈવિધ્યસભર સપ્લાય ચેઇનને મજબૂત બનાવવા પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. બંને નેતાઓએ ફિનટેક , AI અને જનરેટિવ AI માં વધુ સહયોગ માટે તકો શોધવાનો પણ પ્રયાસ કર્યો હતો.

# NEPAL- DEATH TOLL

નેપાળમાં આવેલા વિનાશક પૂરનો મૃત્યુઆંક 1 હજાર 110ની ઉપર પહોંચી ગયો છે. નેપાળના રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા અને વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર, ગયા અઠવાડિયાના ભયંકર પૂરમાં તણાયેલા 1 હજાર 114 જેટલા મૃતદેહો આજ સુધીમાં મળી આવ્યા છે. દક્ષિણ ચિતવાન જિલ્લામાં સૌથી વધુ મૃતદેહો મળી આવ્યા છે. અત્યાર સુધીમાં 95 મૃતદેહોની ઓળખ થઇ છે અને તેમને તેમના સંબંધીઓને સોંપવામાં આવ્યા છે.

સરકારી કર્મચારીઓ , સુરક્ષા કર્મચારીઓ , ચૂંટાયેલા પ્રતિનિધિઓ , વિદેશી નાગરિકો, વિદેશી પ્રવાસીઓ સાથે આવેલા સ્થાનિકો , સ્થાનિક રહેવાસીઓ અને હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સમાં કાર્યરત કામદારો સહિત લગભગ ચાર હજાર લોકો સંપર્ક વિહોણા છે. બચાવ પ્રયાસોનું ધાર્યું પરિણામ આવી રહ્યુ નથી.

# PUNJAB-STUBBLE BURNING

પંજાબ સરકારે રાજ્યમાં ડાંગરના પરાળને બાળવા પર વધુ નિયંત્રણ લાવવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે ડિજિટલ અને મલ્ટીમીડિયા વ્યૂહરચના દ્વારા સમર્થિત બહુ-સ્તરીય માહિતી અને જાગૃતિ અભિયાનને વધુ ઝડપી બનાવવાનું આહ્વાન કર્યું છે. સંબંધિત અધિકારીઓને NGO, સામાજિક કાર્યકરો, પંચાયતો અને ખેડૂતોની સક્રિય ભાગીદારી સાથે ગામડાઓ અને બ્લોકમાં આ અભિયાનને છેવાડા સુધી લઈ જવાનો નિર્દેશ આપ્યો છે.

ડાંગરના પરાળ વ્યવસ્થાપન વ્યૂહરચના પર ગઈકાલે એક બેઠકની અધ્યક્ષતા કરતા, મુખ્યમંત્રી ભગવંત સિંહ માને જણાવ્યું હતું કે સરકારના સતત પ્રયાસોથી 2023 થી 2025 સુધીમાં ડાંગરનુ પરાળ સળગાવવાની ઘટનાઓમાં 86% ઘટાડો થયો છે.

# JAISHANAKAR-NEPAL RELIEF

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે જણાવ્યું, ભારત નેપાળને શક્ય તેટલી તમામ સહાય પૂરી પાડશે. રાહત અને બચાવ સહાય લઈને પાંચમું ભારતીય વિમાન આજે નેપાળ પહોંચ્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , વિદેશ મંત્રીએ જણાવ્યું કે આ વિમાનમાં 11 સભ્યોની બચાવ ટીમ છે જે ખાસ સાધનોથી સજ્જ છે . આ સાથે 5.5 ટન આવશ્યક દવાઓ પણ મોકલવામાં આવી છે.

# JAISHANKAR-VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી શનિવાર સુધી યુક્રેન અને પોલેન્ડની ત્રણ દિવસની મુલાકાતે જશે. તેમની મુલાકાત દરમિયાન , ડૉ. જયશંકર યુક્રેનના તેમના સમકક્ષો એન્ડ્રી સિબિહા અને પોલેન્ડના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન રાડોસ્લાવ સિકોર્સ્કી સાથે દ્વિપક્ષીય પરામર્શ કરશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને પ્રાદેશિક વિકાસ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ED- NHAI

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા –NHAI ના પ્લાઝા પર ટોલ વસૂલાતમાં કથિત છેતરપિંડીના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે 14 જગ્યાઓ પર સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ -PMLA હેઠળ આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સર્ચ ઓપરેશન ઉત્તર પ્રદેશ , રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ, મધ્ય પ્રદેશ , રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર -NCR અને કોલકાતામાં સ્થિત છે.

ED ના જણાવ્યા મુજબ, અનધિકૃત ટોલ રસીદો જનરેટ કરવા અને અનધિકૃત સોફ્ટવેર એપ્લિકેશનનો ઉપયોગ કરવાનો આરોપ છે. ફોરેન્સિક તપાસ અને NHAI રેકોર્ડ્સે આવા સોફ્ટવેરના દૂરઉપયોગની પુષ્ટિ કરી છે. આ સર્ચનો હેતુ ડિજિટલ અને દસ્તાવેજી પુરાવા એકત્રિત કરીને ગુનાની રકમ શોધવાનો છે.

# STOCKS

આજે ભારતીય શેરબજારમાં સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ એક ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. છેલ્લી મળેલી માહિતી મુજબ સેન્સેક્સ 530 પોઈન્ટ સાથે જ્યારે નિફ્ટી 200 પોઈન્ટ પર કારોબાર કરી રહ્યા છે.

બજારોમાં વ્યાપક વેચવાલીના પગલે ઓટો, રિયલ્ટી અને આઇટી સહિતના શેરોમાં ઘટાડો જોવા મળ્યો.

# DAY BADMINTON- CHINA OPEN

બેડમિન્ટનના ચાઇના ઓપન ટૂર્નામેન્ટમાં ભારતના કિદાંબી શ્રીકાંતે આજે બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. શ્રીકાંતે શેનઝેનમાં પુરુષ સિંગલ્સની પ્રથમ મેચમાં ચાઇનીઝ તાઈપેઈના ચી યુ જેનને હરાવ્યો હતો.અન્ય પુરૂષ સિંગલ્સ મુકાબલામાં,લક્ષ્ય સેન ,કેનેડાના વિક્ટર લાઈથી હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

જો કે આ વર્ષે માર્ચમાં ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં લક્ષ્યની કેનેડિયન સામે આ ત્રીજી હાર હતી. ભારતની મિશ્ર ડબલ્સ જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રેસ્ટોએ પણ થાઇલેન્ડની ટોન્નાકોર્ન સૈહેંગ અને ટોનિચા સૈહેંગને 21-8, 21 -9 થી હરાવી આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

# UN INDIA BRICKS

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ નવી દિલ્હીમાં યોજાનારી 18મી બ્રિક્સ શિખર બેઠકમાં ઉપસ્થિત રહેશે. આ વર્ષે ભારતના અધ્યક્ષપદે 12-13 સપ્ટેમ્બરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 18મી બ્રિક્સ સમિટ યોજાશે. જેની વિષયવસ્તુ 'સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ' છે.

બ્રિક્સના સ્થાપક સભ્ય તરીકે , ભારતે અગાઉ 2012, 2016 અને 2021માં અધ્યક્ષપદ સંભાળ્યું હતું.

# SQUASH

સ્ક્વોશમાં ભારતના અનાહત સિંહે લંડન સ્ક્વોશ ક્લાસિકના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. તાજેતરના વિશ્વ જુનિયર ચેમ્પિયન અનાહતે તેની મહિલા સિંગલ્સની શરૂઆતની મેચમાં ઇજિપ્તની મરિયમ મેટવાલીને 11-3 , 11-2 થી હરાવી જીત મેળવી.

પુરુષ સિંગલ્સના પ્રથમ દાવમાં ભારતના રમિત ટંડને કતારના અબ્દુલ્લા અલ-તમીમીને 11-6 , 11-7 થી હાર આપી. જો ,કે વીર ચોત્રાનીને સ્વિટ્ઝર્લૅન્ડના યાનિક વિલ્હેલ્મી સામે 9-11, 9-11થી હારનો સામનો કરવો પડ્યો.

# WORLD BANK PREZ- GDP

વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગાએ કહ્યું , ભારત પાસે તેના વર્તમાન 7 થી 8 ટકાના વિકાસદરથી આગળ વધવાની ક્ષમતા છે. શ્રી બંગાએ વૈશ્વિક ઉર્જા દબાણ , વેપાર અનિશ્ચિતતા અને અલ નીનોની અસર છતાં ભારતના તાજેતરના આર્થિક પ્રદર્શનને મજબૂત ગણાવ્યું.

અમેરિકાના ઉત્તર કેરોલિનામાં એશેવિલેમાં G20 નાણામંત્રીઓની બેઠક દરમિયાન એક મુલાકાતમાં , શ્રી બંગાએ કહ્યું કે તાજેતરના વિકાસના આંકડા ભારતના અંતર્ગત અર્થતંત્રની મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે. વિશ્વ બેંકના વડાએ કહ્યું કે તેમણે G20 નાણામંત્રીઓની બેઠક દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે પ્રવાસન અને MSME ક્ષેત્રે પણ ચર્ચા કરી હતી.

# MIZORAM-FLOOD

તાજેતરમાં થયેલા ભારે વરસાદને પગલે મિઝોરમના સેરલુઇ મતવિસ્તારના બે ગામો,ઉત્તર ચોંનપુઇ અને સૈહાપુઇ પૂરગ્રસ્ત થયા છે, પૂરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.ભારે વરસાદ પછી સેરલુઈ બી હાઈડલ પ્રોજેક્ટ જળાશયમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે.ઉત્તર ચોંનપુઇના નીચાણવાળા ભાગોના રહેવાસીઓએ સાવચેતી તરીકે સલામત વિસ્તારોમાં સ્થળાંતર કરવાનું શરૂ કર્યું છે.

# INDIA AFGHAN TRADE MEET

ભારત-અફઘાનિસ્તાન સંયુક્ત કાર્યકારી જૂથ વચ્ચે વેપાર, વાણિજ્ય અને રોકાણ પર ગઇકાલે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને પક્ષોએ દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ સંબંધિત વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી હતી અને બંને દેશો વચ્ચે વેપારને વધુ સરળ બનાવવા અને વ્યાપારિક સંબંધોને મજબૂત બનાવવાના પગલાંની ચર્ચા થઇ હતી.